सामवेदीनुं संक्षिप्त नित्यकर्म.

શિવરામકૃત આહ્નિકના આધારથી.

તથા

કવીશ્વર ત્રવાડી દલપતરામ ડાહ્યાભાઈ.

સી. આઈ. ઈ. એમના અનુમતથી.

સંગ્રહ કરીને છાપનાર.

ત્રવાડી જટાશંકર લીલાધર.

તથા

ત્રવાડી જેઠાલાલ બાપાલાલ.

છપાવનાર.

સત્યશોધક મંડળી.

અમદાવાદ.

"ગુજરાત ગેઝેટ" છાપખાનામાં છાપ્યું.

મુલ્ય એક આનો.

सामवेदीनुं संक्षिप्त नित्यकर्म.

શિવરામકૃત આન્હિકના આધારથી.

તથા

કવીશ્વર ત્રવાડી દલપતરામ ડાહ્યાભાઈ.

સી. આઈ. ઈ. એમના અનુમતથી.

સંગ્રહ કરીને લખનાર.

ત્રવાડી જટાશંકર લીલાધર.

તથા

ત્રવાડી જેઠાલાલ બાપાલાલ.

છપાવનાર.

सत्यशोधक मंडळी.

અમદાવાદ.

"ગુજરાત ગેઝેટ" છાપખાનામાં છાપ્યું.

મૂલ્ય એક આનો.

પ્રસ્તાવના.

આ સમયમાં લોકોની ધર્મ કર્મ ઉપરથી શ્રદ્ધા ઓછી થઈ છે, માટે શિવરામકૃત આન્હિકના આશ્રયથી જેમ બને તેમ ટુંકામાં આ નિત્યકર્મ છપાવ્યું છે, જે સામવેદી બ્રાહ્મણોને ઘણુંજ ઉપયોગી છે. સંધ્યા વગેરે નિત્યકર્મ શીખવાનો ઘણાને ભાવ હોય છે, પણ સાધન વિના તેઓ શીખી શકતા નથી; માટે આ પુસ્તકમાં સંધ્યા વગેરે સ્પષ્ટ સમજાય એવી રીતે લખેલ છે જેથી સાધારણ ભણેલો માણસ પણ ધારે તો વાંચીને પોતાની મેળે શીખી કરી શકે. આવી ટિકાવાળું નિત્યકર્મ આજ સુધી એક પણ છપાયું નથી; જેથી આ પુસ્તક ઘણુંજ અગત્યનું થઈ પડશે એવી આશા રાખી છે.

મુસલમાનો, પારસીઓ, અંગ્રેજો વગેરે લોકો પોતાના પેદા કરનાર ઈશ્વરની બંદગી એટલે સ્તુતિ નિત્ય ભાવથી કરે છે, તેમ આપણી સંધ્યામાં પણ ઈશ્વરની સ્તુતિ સિવાય બીજું કાંઈ નથી. આપણી સંધ્યામાં જેવો ઉંડો અને ઉંચો અર્થ સમાયો છે, તેવો બીજી કોઈ પણ સ્તુતિમાં જોવામાં આવતો નથી, એ વાત જેઓ અર્થ સમજીને સંધ્યા કરે છે તેઓ સારી રીતે સમજી શકે છે.

અમદાવાદના એક ગૃહસ્થ ત્રવાડી જેઠાલાલ બાપાલાલે આવું નિત્યકર્મનું એક પુસ્તક છપાવવામાં આશ્રય આપવા પોતાનો ઉત્સાહ જણાવતાં આ પુસ્તક છપાવવામાં આવેલું છે.

ત્રવાડી જટાશંકર લીલાધર.

૫૯૩૪

सामवेदीनुं संक्षिप्त नित्यकर्म.

॥ अथ प्रातःसंध्या ॥

१.आचमनं ॥ उन्मृज्य उन्मृज्य(१)॥ पादावभ्युक्ष्य(२)॥ जलांतरेण शिरोऽभ्युक्षेत(३) ॥ आस्य(४) ॥ नासा नासा(५) ॥

સમજુતી—ઉગમણે અથવા ઉત્તરાદે મોઢે બેસીને ગાયત્રી મંત્રવડે પ્રથમ શિખા બાંધવી.

૧ આચમન લેવાનો વિધિ એવો છે કે, ગાયના કાનને આકારે જમણો હાથ રાખી, હાથેળીમાં જળ લઈ, છેલ્લી આંગળી તથા અંગુઠો છૂટાં રાખી, ડાબા હાથની પહેલી આંગળી જમણા હાથની હથેળીને પોંચે અડાડીને કાંડા તરફથી આચમન લેવું. ત્રણ અંજલી લેવી એટલે એક આચમન થયું કહેવાય.

પછી ડાબા હાથમાં પાણી લઈ નીચે પ્રમાણે અંગોને સ્પર્શ કરવો.

(૧.) જમણા હાથનો અંગુઠો તે પાણીમાં બોળી બેવાર મૂછોપર ફેરવવો.

(૨.) જમણા હાથની પહેલી ત્રણ આંગળીઓ વડે બે પગે પાણી છાંટવું.

(૩.) એજ ત્રણ આંગળીઓ ફરી પાણીવાળી કરી માથે પાણી છાંટવું.

(૪.) એજ ત્રણ આંગળી ડાઢીએ અડાડવી.

(૫.) પહેલી આંગળી અને અંગુઠો જળવાળો કરી બે નસકોરે સ્પર્શ કરવો.

(૬.) ત્રીજી આંગળી અને અંગુઠો પાણીવાળાં કરી બે આંખે અડાડવાં.

अक्षि आक्षि[६] ॥ कर्ण कर्ण[७] ॥ नाभि[८] ॥ वक्षः[९] ॥ शिरः[१०] ॥ बाहु बाहु[११] ॥

२. अथ संकल्पः ॥ उपात्त दुरित क्षयार्थं ब्रह्मवर्चसकामार्थं प्रातःसंध्योपासन महं करिष्ये ॥

३. ॐ अपहता असुरा रक्षांसि वेदिषदः ॥ इति परितो जलप्रक्षेपेण आत्मरक्षां कुर्यात् ॥

४. अथ मार्जनं ॥ ॐ कारस्य ब्रह्मा ऋषिः ॥ दैवी गा

(७.) બે કાને અડાડવી.

(૮.) ટચલી આંગળી અને અંગુઠો જળવાળાં કરી નાભિએ અડાડવાં.

(૯.) હથેલી પાણીવાળી કરી છાતીએ સ્પર્શ કરવો.

(૧૦.) પાંચે આંગળાં જળમાં બોળી મસ્થકપર સ્પર્શ કરવો.

(૧૧.) બે ખભે સ્પર્શ કરવો.

જ્યારે જ્યારે આચમન લેવું હોય ત્યારે ઉપર પ્રમાણે અંગોને સ્પર્શ કરવા કહેલું છે.

૨. સંકલ્પ કરતી વખત જમણા હાથમાં જળ લઈ "**अद्य**" ઇત્યાદિ આવડતું હોય તો બોલીને તથા આ વાક્ય બોલીને હથેલીનું પાણી હેઠું મૂકવું.

૩. જમણા હાથમાં પાણી લઈ પોતાની આસપાસ રક્ષણ નિમિત્તે જળ ધારા કરવી.

૪. બે હાથ જોડીને "**मार्जने विनियोगः**" ત્યાં સુધી ભણી જવું. પછી ડાબા હાથમાં પાણી લઈ તેમાંથી (૧) મંત્ર ભણીને ત્રણ દર્ભની શેરવડે અથવા તે ન હોય તો જમણા હાથનાં ચાર આં-

यत्रीछंदः ॥ परमात्मा देवता ॥ सर्वकर्मारंभे विनियोगः ॥ व्याहृतीनां विश्वामित्रजमदग्निभरद्वाजा ऋषयः ॥ गायत्र्युष्णीगनुष्टुपछंदांसि ॥ अग्निवायुसूर्या देवताः ॥ गायत्र्या विश्वामित्रो गायत्री सविता ॥ आपोहिष्ठेति तिसृणां सिंधुद्वीपो गायत्र्यापः मार्जनेविनियोगः ॥ ॐ भू र्भुवः स्वः । तत्सवितुर्वरेण्यं भर्गो देवस्य धीमहि । धियो यो नः प्रचोदयात् ॥ १ ॥ ॐ आपोहिष्ठामयो भुव, स्तानऊर्जे दधातन, महेरणाय चक्षसे ॥२॥ ॐ योवः शिवतमोरस, स्तस्य भाजयतेहन, उशतीरिव मातरः ॥३॥ ॐ तस्मा अरंग मा मवो, यस्यक्षयाय। जिन्वथ, आपो जन यथाचन ॥४॥

५. अथ ध्यानं ॥ पूर्वा संध्या तु गायत्री रक्तांगी रक्तवासमा ॥ अक्षसूत्रधरा देवी कमंडलुसमन्विता ॥१॥ हंसस्कंधसमारूढा तथा च ब्रह्मदेवता ॥ कुमारी ऋग्वेदयुक्ते ब्रह्मणा सह आवह ॥ २ ॥ आयाहि वरदे देवि त्र्यक्षरे ब्रह्मवादिनि ॥ गायत्रि छंदसां मातर् ब्रह्मयोनि नमोऽस्तुते ॥ ३ ॥

६. अथ प्राणायामः ॥ भूरादीनां विश्वामित्रजमदग्निभ-

ગળાવડે માથાપર પાણી છાંટવું. એ પ્રમાણે ॥૨॥ ॥૩॥ અને ॥૪॥ મંત્રને અંતે માર્જન કરવું.

૫. ધ્યાન—બે હાથ જોડીને ભણી જવું.

૬. પ્રાણાયામ કરતાં પહેલાં "**भूरादीनां**" ત્યાંથી તે "**विनियोगः**" ત્યાં સુધી ભણી જવું.

रद्वाजगौतमात्रिवसिष्ठकश्यपा ऋषयः ॥ गायत्र्युष्णीगनुष्टु-
ब्बृहतीपंक्तित्रिष्टुब्जगत्यच्छंदांसि ॥ अग्निवायुरर्यबृहस्पतिव-
रुणेन्द्रविश्वेदेवा देवताः ॥ तत्सवितु रिति विश्वामित्रो गाय-
त्री सविता ॥ आपोज्योति रिति प्रजापतिर्गायत्री ब्रह्माअग्नि
र्वायुः सूर्याः ॥ प्राणायामे विनियोगः ॥

७. ॐ भूः ॥ ॐ भुवः ॥ ॐ स्वः ॥ ॐ महः ॥ ॐ जनः ॥ ॐ तपः ॥ ॐ सत्यं ॥ ॐ तत्सवितु र्वरेण्यं भर्गो देवस्य धीमहि । धियो यो नः प्रचोदयात् ॥ आपोज्योति र-सोमृतं ब्रह्मभूर्भुवः स्वरोम् ॥१॥ इति प्राणायामः ॥

८. अथ आचमनं ॥ सूर्यश्चेति नारायणऋषिः ॥ प्रकृति छंदः ॥ सूर्योदेवता ॥ आचमने विनियोगः ॥ ॐ सूर्यश्च मा-मन्युश्च मन्युपतयश्च मन्युकृतेभ्यः पापेभ्यो रक्षंतां ॥ यद् रात्र्या पाप मकार्षं मनसा वाचा हस्ताभ्यां पद्भ्या मुदरेण शिश्ना रात्रीस्तदवलुंपतु ॥ यत् किंचित् दुरितं मयि इद महं मा म-मृतयो नौ सूर्ये ज्योतिषि जुहोमि स्वाहा ॥ इत्याचम्य तूष्णीं द्विराचामेत् ॥

૭, આ પ્રાણાયામનો આખો મંત્ર પહેલી આંગળી અને અંગુઠાવતી નાક પકડીને ત્રણવાર ઉપરા ઉપર ભણી જવો, એટલે એક પ્રાણાયામ થાય. એવી રીતે ત્રણ પ્રાણાયમ કરવા.

૮. જમણા હાથમાં જળ લઈને આ આખો મંત્ર ભણી જઈ આચમન લેવું. પછી બીજી બે અંજલી વગર બોલે લેવી.

९. अथअर्घ दानं ॥ ऋतं च सत्यं चेति अघमर्षण ऋषिः ॥ अनुष्टुप्छंदः ॥ भाववृतो देवता ॥अश्वमेधावभृथे विनियोगः ॥ ॐ ऋतं च सत्यं चाभिधा त्तपसोध्यजायत॥ ततो रात्र्यजायत ॥ ततःसमुद्रो अर्णवः समुद्रा दर्णवा दधि ॥ संवत्सरो अजायत ॥ अहो रात्राणि विदध द्विश्वस्य मिषतोवशी ॥ सूर्याचंद्रमसौ धाता यथापूर्व मकल्पयत् ॥ दिवं च पृथिवीं चांतरिक्ष मथोस्वः ॥ इत्यर्घंदत्वा गायत्र्या अंजलित्रयं प्रक्षिपेत् ॥ प्रदक्षिणा ॥ आचमनं ॥

१०. अथ सूर्योपस्थानं ॥ उदुत्य मिति प्रस्कण्व ऋषिः॥ गायत्री छंदः॥सूर्यो देवता॥ चित्र मिति कुत्सऋषिः॥ त्रिष्टुप्छंदः ॥ सूर्योदेवता ॥ उपस्थाने विनियोगः ॐ उदुत्यं जातवेदसंदेवं वहंति केतवः ॥ दृशे विश्वाय सूर्यं ॥ ॐ चित्रं देवाना मुदगा दनिकं चक्षुर्मित्रस्य वरुणस्याग्नेः ॥ आप्राद्यावा पृथिवी अंतरिक्षं सूर्य आत्मा जगत स्तस्थुषश्च ॥

---

૯. અર્ઘ આપતી વખતે ઉભા થઈ ખોબામાં જળ લઈને પહેલેથી **"मथोस्वः"** સુધીનો મંત્ર ભણીને સૂર્ય તરફ અંજલી નાખવી. પછી બીજી ત્રણ અંજલીઓ ત્રણ ગાયત્રી મંત્રવડે નાંખવી. પછી પ્રદક્ષિણા કરી બેસીને આચમન લેવું.

૧૦. સવળા હાથે ડાબો હાથ નીચે અને જમણો હાથ ઉપર એવી રીતે સાથીઆને આકારે રાખી સૂર્ય સામા ઉભા રહી આ મંત્રો ભણી જવા.

११. अथ गायत्री जपः ॥ अनेन गकृतेन दशधा वा अष्टोत्तरशत संख्य या गायत्री जाप्येन ब्रह्मात्मा रविः प्रियतां॥

१२. विसर्जनं ॥ उत्तर शिखरे जाता भूम्यां पर्वत वासिनी ब्रह्मणा समनुज्ञाता गच्छदेवि यथासुखम्॥ द्विराचामेत्॥

॥ प्रातःसंध्या समाप्ता ॥

॥ अथ मध्यान्हसंध्या ॥

પ્રાતઃ સંધ્યા પ્રમાણે આચમન લેવું. સંકલ્પમાં **मध्यान्हसंध्योपासन महं करिष्ये** એમ બોલવું. **ध्यान** નીચે પ્રમાણે ભણવું:—**मध्यान्हे तु या संध्याश्वेतांगीश्वेतवासमा ॥ वृषस्कंधसमारूढातथा च रुद्रदेवता॥ युवा यजुर्वेदमुखी रुद्रेण सह आवह॥ आयाहि वरदे देवि सांक्षरे रुद्रवादिनि ॥ सावित्री छंदसां माता रुद्र योनि नमोऽस्तुते ॥** આચમન—નીચે પ્રમાણે:—**आपः पुनंत्विति वामदेवोनुष्टुप् आपो देवता ॥ आचमने विनियोगः ॥ ॐ**

---

૧૧. દશ અથવા ૧૦૮ વાર ગાયત્રી મંત્ર જપીને જમણા હાથમાં જળ લઈ **"अनेन"** ઈત્યાદિ વાક્ય ભણીને જળ ભોંયપર મૂકવું. આ ગાયત્રી મંત્રો નાભિ આગળ સવળા હાથ રાખી ભણવા.

૧૨. **"उत्तरे"** થી તે **"यथासुखं"** સુધી ભણીને પગે લાગવું, અને છેવટ બે આચમન લેવાં એટલે છ વખત અંજળી લેવી, ત્યારે બે આચમન થાય.

आपः पुनंतु पृथिवीं, पृथ्वी पूता पुनातु मां, यदुच्छिष्ट मभो-ज्यंच यद्वादुश्चरितं मम, सर्वं पुनंतु मामापो, सतांच प्रतिगृहं स्वाहा ॥ એ મંત્રવડે આચમન લઈ પછી બોલ્યાવિના બે આચમન લેવાં.

અર્ઘ–પ્રાતઃસંધ્યા પ્રમાણેજ દેવા પણ મંત્રવડે એક અર્ઘ આપ્યા પછી ગાયત્રી મંત્રવડે ત્રણને બદલે એકજ અંજલી આપવી; સૂર્યોપસ્થાન—પ્રાતઃસંધ્યા પ્રમાણે પણ બે હાથ ઉંચા રાખીને ભાગવું. ગાયત્રી જપમાં **ब्रह्मात्मा**ને બદલે **रुद्रात्मा** તથા વિસર્જનમાં **ब्रह्मणा**ને બદલે **रुद्रेण** બોલવું. સિવાય માર્જન, પ્રાણાયામ સૂર્યોપસ્થાન વગેરે તમામ ક્રિયા પ્રાતઃસંધ્યા પ્રમાણેજ.

॥ अथ संक्षेपतर्पणं ॥

१. ॐ ब्रह्मादयो देवा स्तृप्यंतु॥ ॐ देवपत्न्य स्तृप०॥, ॐ देवासुता स्तृ० ॥ ॐ देवगणा स्तृ० ॥ ॐ गौतमादय ऋषय स्तृ०॥ ॐ ऋषिपत्न्य स्तृ० ॥ ॐ ऋषि सुता स्तृ० ॥ ॐ ऋषिगणास्तृप्यंतु ॥

२. अपसव्यं ॥ ॐ कव्यवाडादयः पितर स्तृप्यतुं ॥ ॐ पितृपत्न्य स्तृ० ॥ ॐ पितृसुता स्तृ० ॥ ॐ पितृगणास्तृप्यंतु ॥ सव्यं ॥ आचमनं ॥

---

૧. ॐ (ઓમ) કારવાળું પ્રત્યેક વાક્ય ભણીને, જળનો ખોબો ભરી અંજલીઓ નાખવી.

૨. અપસવ્ય કરીને એજ પ્રમાણે જળ ખોબામાં લઈ **पितृतीर्थे** એટલે જમણા હાથના અંગુઠા અને પહેલી આંગળીની વચ્ચેના માગ તરફથી જમીનપર મૂકવું. પછી સવ્ય કરીને આચમન લેવું.

३. कंठं॥ ॐ सनकादयो मनुष्यास्तृप्यंतु॥ ॐ मनुष्यपत्न्यस्तृ०॥ ॐ मनुष्यसुता०॥ ॐ मनुष्य गणास्तृप्यतुं ॥सव्यं॥

४. आब्रह्मस्तंबपर्यंतं जगत्स्थावरजगमम्॥
मयादत्तेन तोयेन तृप्ता यान्तु परांगतिम्॥

अथ ब्रह्मयज्ञः॥[1]

ॐ भूर्भुवः स्वः। तत्सवितुर्वरेण्यं। भर्गो देवस्य धीमहि। धियो योनः प्रचोदयात्॥१॥ ॐ तत्सवितु र्वरेणियोम्। भार्गो देवस्य धिमाहि२। धियो योनः प्रचो १२१२ हुम् आ२। दायो आ २३४५॥२॥ ॐ ओग्नाइ। आयाहि ३। वोयि तो या२इ। तोयाइ। गृणानोह। व्यदा तोयाइ। तोयाइ। नाइहो। ता सा २३। त्साइ बा २३४ औहोवा। हि२ २३४५ षी॥३॥ अग्न आयाहि वी। तयाइ। गृणा नो हव्य दाता२३याइ। निहोतास त्सी बर्हा३इषी। बर्हा२इ षा २३४ औहोवा। बर्ही ३ षी २३४५॥४॥ अग्न आयाहि। वा५इ। तयाइ। गृणानो

---

३. કંઠકરીને મનુષ્યતીર્થે એટલે બે હથેલીને છુટી પાડીને વચ્ચેથી જમીનપર અંજલીઓ મૂકી દેવી.

૪. છેવટ આ શ્લોક ભણવો. તેનો ભાવાર્થ એવો છે કે ब्रह्मा થી માંડીને स्तंब (કીડા) સુધી સ્થાવર અને જંગમ આખું જગત આ મારી અંજલીથી તૃપ્ત થઇ પરમગતિને પામો. કેવો ઉચ્ચ ભાવ!!

૧ આ પાંચ સામ હાથ જોડીને ભણી જવા એટલે બ્રહ્મયજ્ઞ થયો ગણાશે.

हव्यदा१ता३ये । निहोता २३४ सा। त्सा२इ बा ३ हा२३४ इषो ६ हाइ ॥५॥ इति ब्रह्मयज्ञः ब्रह्मार्पणमस्तु ॥

બ્રહ્મયજ્ઞ પછી દેવ પૂજન કરવી.

॥ अथ वैश्वदेवः ॥

१. आचमनं प्राणायामः ॥ गायत्र्याभिमंत्रितोदकेन पाकं संप्रोक्ष्य ॥

२. स्थंडिले पंचभूसंस्कारान्कुर्यात् ॥ (१) दर्भैः परिसमुह्य ३॥ (२) गोमयेन उपलिप्य ३॥ (३) कुशेन उल्लिख्य ५॥ (४) अनामिकांगुष्ठेन उद्धृत्य ५॥ उदकेनाभ्युक्ष्य ॥

વૈશ્વદેવ કરવાની સમજુતી.

૧. પ્રાતઃસંધ્યામાં કહ્યા પ્રમાણે આચમન તથા પ્રાણાયામ કરવાં. પાસે ભરી રાખેલા જળપાત્ર ઉપર હાથ રાખી ગાયત્રી મંત્રવડે તે જળ મંત્રીને તેમાંનું પાણી ઘરમાં કરેલી રસોઈ ઉપર છાંટવું.

૨. પોતાની પાસે લાવી રાખેલા સ્થંડિલ અથવા કુંડ ઉપર પાંચ પ્રકારના સંસ્કાર કરવા તે આ પ્રમાણેઃ—

(૧) દર્ભની ત્રણ સેરો લઈ કુંડ ઉપરથી પશ્ચિમથી પૂર્વ દિશામાં ત્રણવાર રજ વાળી નાખવી. (૨) ગોમય એટલે ગાયનું છાણ અથવા તે ન મળે તો જળની ત્રણ ધારા પશ્ચિમથી પૂર્વમાં કરવી. (૩) દર્ભની સેરના મૂળવડે કુંડ ઉપર પાંચ રેખાઓ કરવી, તેમાં એક પશ્ચિમથી પૂર્વમાં, બીજી દક્ષિણથી ઉત્તરમાં તથા ત્રીજી ચોથી તથા પાંચમી રેખા પશ્ચિથી પૂર્વમાં કરવી; (૪) ટચલીની પાસેની આંગળી તથા અંગુઠાવડે ઉપરની પ્રત્યેક રેખામાંથી રજ ઉપાડી કાઢીનાખવી. (૫) કુંડ ઉપર જળ છાંટવું.

३. ॐ भू र्भुवः स्वः ॥ पावक नामान मग्निं मतिष्ठापयामि ॥ संध्युक्षणं ॥ समिधं हुत्वा ॥

४. संकल्पः ॥ अत्राद्य मा मांगल्य फलमद मासोत्तममासे पुन्यपवित्रकारी अमुकमासे अमुकपक्षे अमुक्यां तिथौ अमुकवासरे यथावर्त्तमाननक्षत्रयोगकर्णलग्न गृहमुहूर्तपर्व समवाये मम पंचसूना दोपपरिहारार्थं आत्मसंस्कारार्थं च निविधरूपं वैश्वदेवाख्यं कर्माहं करिष्ये ॥

५. इदं भूमे रिति परमेष्ठी प्रजापति ऋषिः ॥ अनुष्टुप् छंदः ॥ अग्निर्देवता ॥ न्यंचकरणे विनियोगः ॥ ॐ इदं भूमे र्भजा मह ॥ इदं भद्रं सुमंगलं ॥ परास्पत्नान्बाधस्वान्येषां विंदते धनं ॥

६. अदितेऽनुमते सरस्वत्य इति प्रजापति, रेकपदा गा-

---

३. કુંડમાં અગ્નિની સ્થાપના કરી સંપ્રુક્ષીને પીપળા અથવા દર્ભનું એક સમીધ હોમવું.

૪. જમણા હાથમાં જળ લઈ આખો સંકલ્પ બોલી જળ હેઠે મૂકવું.

૫. "इदं"થી તે "विनियोगः" ત્યાં સુધી ભણીને જમણું ઢીંચણ વાળવું તથા ડાબો હાથ સવળો રાખી તેનાં આંગળાં કુંડને નૈરૂત્ય ખુણે અડાડવાં અને ડાબા હાથ ઉપર જમણો હાથ ઉંધો રાખીને તેનાં આંગળાં કુંડને વાયુખુણે અડાડવાં અને **ॐइदंभमे** એ આખો મંત્ર ભણવો ને પછી ઢીંચણ ઉપાડી લેવો.

૬. "**अदिते**" થી તે "**विनियोगः**" સુધી ભણી જમણે

यत्री छंदो.ऽदितिरनुमति सरस्वत्यो देवताः ॥ अंजलि प्रसेचने विनियोगः॥ ॐ अदितेनुमन्यस्व (१)॥ ॐ अनुमतेनुमन्यस्व(२) ॥ ॐ सरस्वत्यनुमन्यस्व(३) ॥

७. देव सवितारिति प्रजापति स्त्रिष्टुप् सविता ॥ पर्युक्षणे विनियोगः ॥ ॐ देवसवितः प्रसुव यज्ञं, प्रसुव यज्ञपतिं भगाय दिव्यो गंधर्वः केतपुः केतंनः पुनातु वाचस्पति र्वाचं नः स्वदतु ॥

८. ततः समिधं हुत्वा ॥

९. सप्तदश (१७) आहुतयः (આહુતિઓ).

(१) ॐ भूः स्वाहा ॥ इद मग्नये न मम ॥

(२) ॐ भुवः स्वाहा ॥ इदं वायवे न मम ॥

(३) ॐ स्वः स्वाहा ॥ इदं सूर्याय न मम ॥

(४) ॐ भू र्भुवः स्वः स्वाहा ॥ इदं प्रजापतये न मम

પછી નીચેના પ્રત્યેક મંત્રે કુંડની બહાર નીચે પ્રમાણે જળધારા કરવી.

(૧) આ મંત્ર બોલીને નૈરૂત્યથી અગ્નિખુણા સુધી ધારા કરવી.

(૨) આ મંત્ર બોલીને નૈરૂત્યથી વાયુખુણા સુધી ધારા કરવી.

(૩) આ મંત્ર બોલીને વાયુ ખુણાથી ઈશાનખુણા સુધી ધારા કરવી

૭. આ લખેલા મંત્રવડે વાયુખુણાથી આખા કુંડની પ્રદક્ષિણા નિમિત્તે જળધારા કરવી.

૮. પછી સમિધ હોમવું.

૯. પછી ચોખા અથવા ઘઊંની રોટલી ઘીવાળાં કરીને તેમાંથી ૧૭ આહુતિઓ સત્તર મંત્ર ભણી ભણીને આપવી.

(५) ॐ देवकृतस्यैनसो वय जनमसि स्वाहा इद म्र-
ग्नये न मम ॥

(६) ॐ पितृकृतस्यैन सोवय जनमसि स्वाहा॥ इद०

(७) ॐ मनुष्यकृत० ॥ इदम० ॥

(८) ॐ अस्मत्कृत० ॥ इदम० ॥

(९) ॐ यद्दिवा च नक्तं चैनश्च कृमतस्यावय जनम
सि स्वाहा ॥ इदम० ॥

(१०) ॐ यत्स्वपंतश्च, जाग्रत, श्चैनश्च कृमतस्या वय
जनमसि स्वाहा ॥ इदम० ॥

(११) ॐ यद्विद्वांस श्चाविद्वांस श्चैनश्च कृमतस्या वय-
जनमसि स्वाहा ॥ इदम० ॥

(१२) ॐ एनस एनसो वयजन० ॥ इदम० ॥

(१३) ॐ अग्नये स्वाहा ॥ इदमग्नये न मम

(१४) ॐ धन्वंतरये स्वाहा॥ इदं धन्वंतरये न मम ॥

(१५) ॐ विश्वेभ्यो देवेभ्यः स्वाहा ॥ इदं विश्वेभ्यो
देवेभ्यो न मम ॥

(१६) ॐ प्रजापतये स्वाहा॥ इदं प्रजापतये न मम ॥

(१७) ॐ अग्नये स्विष्टकृते स्वाहा ॥ इदमग्नये स्विष्ट
कृते न मम ॥

१०. पुनः समिधं हुत्वा ॥

---

१०. ફરી સમિધ હોમીને.

११. देव सवितरिति पर्युक्षणं ॥ (१) ॐ अदितेन्वमंस्थाः ॥ (२) ॐ अनुमतेन्वमंस्थाः ॥ (३) ॐ सरस्वत्यन्वमंस्थाः ॥ ततः प्रदक्षिणा ॥

१२. बलिदानं ॥ उदक धारा ४॥

प्रथम धारा ऊपरी ४ बलीदान

(१) ॐ पृथिव्यै नमः इदं पृथिव्यै न मम ॥
(२) ॐ वायवे नमः इदं वायवे न मम ॥
(३) ॐ विश्वेभ्यो देवेभ्यो नमः ॥ इदं विश्वेभ्यो देवेभ्यो न मम ॥
(४) ॐ प्रजापतये नमः ॥ इदं प्रजापतये न मम ॥

उपरि उदक धारा

धारा २ ४ बली दान

(१) ॐ अद्भ्यो नमः॥ इद मद्भ्यो न मम ॥
(२) ॐ ओषधि वनस्पतिभ्यो नमः ॥ इद मोषधिवनस्पतिभ्यो न मम ॥

---

૧૧. પછી **देवसवित** એ મંત્ર ભણીને કુંડની ચારે તરફ જળધારા કરવી, ને (૧) (૨) (૩) એ દરેક મંત્રવડે અનુક્રમે દક્ષિણ, પશ્ચિમ ને ઉત્તરમાં જળધારા કરવી; પછી પોતે ઉઠીને કુંડની પ્રદક્ષિણા કરવી અથવા પ્રદક્ષિણા માટે જળપાત્રને કુંડની ચારે તરફ ફેરવવું.

૧૨. બળીદાન મૂકવા માટે પોતાની અને કુંડની વચ્ચે પશ્ચિમથી પૂર્વમાં ચાર જળની ધારા કરવી; તે પણ એકેકથી ઉત્તરમાં કરવી. પ્રત્યેક જળધારા ઉપર ચાર ચાર બળીદાન મૂકવાં. પહેલી જળધારા ઉપર લખેલા ચાર આંક પ્રમાણે ભણી ભણીને બળીદાન મૂકવાં; અને તે બળીદાન ઉપર પાછી જળની ધારા કરવી.

(३) ॐ आकाशाय नमः॥ इद माकाशाय न मम॥

(४) ॐ कामाय नमः ॥ इदं कामाय न मम ॥

उपरि उदक धारा ॥

धारा ३. ४ बली दान	(१) ॐ मन्यवे नमः ॥ इदं मन्यवे न मम ॥ (२) ॐ इन्द्राय नमः इद मिन्द्राय न मम ॥ (३) ॐ वासुकये नमः इदंवासुकये न मम ॥ (४) ॐ ब्रह्मणे नमः ॥ इदं ब्रह्मणे न मम ॥

उपरि उदक धारा ॥

धारा ४. ॐ रक्षोजनेभ्यो नमः॥इदं रक्षोजनेभ्यो न मम ॥

उपरि उदक धारा ॥

(अ) अपसव्यं ॥ दक्षिणस्यां किंचिदुदकं दत्वा अमुक गोत्र अस्मत् समस्त पितृभ्यः स्वधा ॥ इदं पितृभ्यो न मम ॥

उपरि उदक धारा ॥

(इ) कंठं ॥ पश्चिमतः किंचिदुदकं दत्वा ॥ सनकादि

એ પ્રમાણે ૨—૩ જળધારા ઉપર ચાર ચાર બળીદાનો મુકી માથે પાછી જળધારાઓ દેવી. ચોથી જળધારા ઉપર મધ્યેમાં એકજ બળીદાન દઈ મથે ધારા દેવી. પછી.

(अ) 'અપસવ્ય' કરીને—બધી જળધારાઓથી દક્ષિણમાં થોડું જળ મૂકીને તે ઉપર પોતાના ગોત્રનું નામ લઈ પિતૃનું બળીદાન મૂકવું; તેના ઉપર પાછી જળ ધરા કરવી.

(इ) 'કંઠ' કરીને, બધાં બળીદાનોથી પાશ્ચિમ તરફ થોડું જળ

मनुष्येभ्यो हंतः ॥इदं सनकादि मनुष्येभ्यो न मम॥
उपरि उदक धारा॥

(उ) सव्यं ॥ पुरस्यं किंचिदुदकं दत्वा ॥ नंदादि गो-
भ्यो नमः ॥ इदं नंदादि गोभ्यो न मम ॥

१३. स्तुतिपाठः ॥ आरोग्य मायु रैश्वर्य धी धृतिः शं
बलं यशः॥ ओजो वर्चः पशून् वीर्यं ब्रह्म ब्राह्मण्य मेव च॥
सौभाग्यं कर्मसिद्धिं च कुलज्येष्ठ्यं सुकर्तृतां ॥ सर्व मेतत्सर्व
साक्षीन् द्रविणो दरिरी हि णः ॥ कयानश्चित्रेति वामदेवऋ-
षिः ॥ गायत्री छंदः विश्वेदेवा देवताः ॥ शान्त्यर्थे जपेवि-

५। ४ २ ४। ५ र २ १।
नियोगः ॥ का ऽ५या। नश्चा३इ त्रा३ आ भुवात्॥ऊती सदा
२ १ १ २ ४ २ १ २ ३ र २ १
वृधः स। खा। औ३ हो हाइ कया२३ शचाइ। ष्ठ यौ हो३। हूं
१ २ ३ र ४ २ ४ ५ १
मा२। वा२तो३५ हाइ॥का ऽ५स्त्वा। सत्यो३ मा३ दानाम्। मा।
२र १ २१ २ ४ र १ ३ २ ३ १र
हिष्ठो। मा त्सा दंध। सा। औ३ हो हाइ। दृढा२३ चिदा। रुजौ
२ १ १ २ ३ र ४ ३ २ ४
हो३। हूं मा२। वा२ सो३५ हाइ॥ आ ऽ५ भि। पुगाः सा३ खी
५ १ २र २र १ १ र २ १ २
नाम्। आ। विता जरायि तृणाम्। औ२ ३ हो हाइ। शता२३ भवा।
२ र २ १८ २ २
सियौ हो३। हूं मा२। ता ऽ२ यो३५ हाइ ॥ ॐ कया नश्चित्र

मूकीने तेनापर मनुष्यनुं बळीदान मुकवुं; तेनापर जळधारा,
(उ) 'सव्य' करीने पूर्वतरफ गायोने वास्ते बळीदान मूकवुं.
१३. स्तुतिपाठ हाथ जोडीने भणी जवो.

आभुव दृतिसदावृधः सखा । कयाशचिष्ठयावृता ॥ कस्त्वा सत्यो मदानाम् मंहिष्ठोमत्स दंधसः । दृढा चिदा ऋजेवसु ॥ अभीषुणःसखिना । मविता जरि तृणाम् ॥ शतंभवास्युतये ॥ स्वस्तिन इन्द्रो वृद्धःश्रवाः स्वस्तिनः पूषा विश्ववेदाः ॥ स्वस्तिनस्ताक्ष्यों अरिष्टनेमिः स्वस्तिनो बृहस्पति र्दधातु ॥ ॐ स्वस्ति स्वस्ति स्वस्ति ॥ शान्तिः शान्तिः शान्तिः ॥ चतुर्भिश्च चतुर्भिश्च द्वाभ्यां पंचभिरेवच ॥ हूयते च पुनर्द्वाभ्यां तस्मै यज्ञात्मने नमः ॥

१४. अद्य पूर्वोच्चारित एवं गृहगणविशेषणा शिष्टायां पुण्यतिथौ वैश्वदेवकृतस्य विधेः परिपूर्णतास्तु ॥

१५. अथ गोग्रासादि ॥

(अ) सुरभी वैष्णवी माता नित्यं विष्णु पदे स्थिता ॥ गोग्रा संतु मया दत्तं सुरभी प्रतिगृह्यताम् ॥ इदं गोभ्यो न मम ॥

(इ) पिपीलिकाकीटपतंगसंघा बुभुक्षिताः कर्म निबद्धबद्धाः ॥ प्रयांतु ते तृप्तिमिदं मयान्नं ते

---

१४. ભણીને જળ હેઠે મૂકવું.

१५. (अ) ગાય, (इ) કીડીઓ, (उ) કાગડા, અને (ए) કૂત્રાં એ દરેકના શ્લોક ભણીને તેમને વાસ્તે અન્નમાંથી ચાર જુદા જુદા ભાગ કાઢવા તેમાંથી કાગડા અને કીડીઓનો ભાગ ઘર બહાર નીકળીને નાખવો, પછી હાથ પગ ધોઈ આચમન કરવું.

भ्योविमृष्टं सुखिनो भवंतु ॥ इदं पिपीलि-
कादि भ्यो न मम ॥

(ऊ) ऐन्द्रवारुण्य वायव्या याम्या वै नैऋतस्तथा ॥
वायसाः प्रतिगृह्णंतु भूमौ पिंडं मयार्पितं ॥
इदं वायसेभ्यो न मम् ॥

(ए) द्वौ श्वानौ श्यामशबलौ वैवस्वदकुलोद्भवौ ॥
ताभ्यां बलिं प्रदास्यामिस्यातामेता वहिंस-
कौ ॥ इदं श्वभ्यां न मम ॥

ततो हस्तौ पादौ प्रक्षाल्य आचमनं ॥

॥ इति वैश्व देवः ॥

દેવને નૈવેદ્ય ધરીને ભોજન કરવું.

॥ अथ भोजन विधिः ॥

अस्माकं नित्य मस्तु ॥ એટલે આ (ભોજન) અમને નિત્ય પ્રાપ્ત થજો એમ બોલવું. પછી **सत्यंत्वर्तेनाभिषिंचामि** ॥ એમ બોલીને પીરસેલા ભોજન ઉપર ગાયત્રી મંત્રવડે જળ છાંટવું. **उदक धारा** એમ બોલીને થાળીથી જમણી બાજુએ પશ્ચિમથી પૂર્વમાં જળધારા કરવી. તે જળધારા ઉપર **ॐ भूपतये नमः** ॥ ભણીને એક બળીદાન મૂકવું, **ॐ भुवन्पतये नमः** ॥ ભણીને બીજું મૂકવું અને **ॐ भुतानां पतये नमः** ॥ ભણીને ત્રીજું મૂકવું; તથા એ ત્રણ બળીદાન ઉપર પાછી જળધારા કરવી **ॐ अमृतोपस्तरणमसि स्वाहा** ॥ એ મંત્રવડે હાથમાં જળ લઈ પીવું. પછી **ॐ प्राणाय स्वाहा** ॥

મંત્રવડે ૧ લી અને વચલી આંગળી તથા અંગુઠાવડે અન્નનો નાનો કોળીઓ ભરવો, **ॐ व्यानाय स्वाहा ॥** એ મંત્રવડે ટચલી, તેની પાસેની, તથા અંગુઠાવતી, **ॐ अपानायस्वाहा ॥** મંત્રવડે બે વચલી તથા અંગુઠાવતી, **ॐ समानाय स्वाहा ॥** એ મંત્રવડે પાંચે આંગળીઓ વતી અને **ॐ उदानाय स्वाहा ॥** એ મંત્રવડે ૧ લી વિના ચારે આંગળી વતીં કોળીઆ ભરવા. પછી **उदकोपस्पर्शनं ॥** એમ ભણી આંખે તથા કાને જળ અડાડવું, અને ચોટલીની શિખા છોડવી. પછી જમવું, જમી રહ્યા પછી થોડું બાકી રહેલું ઉચ્છિષ્ટ અન્ન હાથમાં લઈ પાણીવાળું કરીને **रौरवे पुण्यनिलये पद्मार्बुद निवासिनां ॥ उच्छिष्ट भाग धेयाना मक्षय्य मुपतिष्टतु ॥** એ શ્લોક ભણીને **पितृतीर्थे** એટલે ૧ લી આંગળી અને અંગુઠા વચેની જગા તરફથી હાથ વાંકો કરીને ભોંયપર મૂકવું, **ॐ अमृतोपिधान मसि स्वाहा ॥** એમ બોલીને પાણી હથેલીમાં લઈ અરધું પીવું. અને બાકીનું અરધું પાણી ઉપર જણાવ્યા પ્રમાણેજ **पितृतीर्थे** ઉચ્છિષ્ટ મૂકેલા અન્નપર મૂકવું. પછી મોં ધોવું અને બે આચમન લેવાં.

ભોજન વિધિ સંપૂર્ણ.

॥ अथ सायंसंध्या ॥

आचमनं ॥ વગેરે પ્રાતઃસંધ્યા પ્રમાણેજ. સંકલ્પમાં **सायं संध्योपासन महं करिष्ये ॥** એમ બોલવું. **ध्यान**—આ પ્રમાણેઃ—
अपरान्हे तु या संध्या कृष्णांगी कृष्णवाससा ॥ गरुडस्कंध समारूढा तथा च विष्णु देवता ॥ वृद्धा सामवेदमुखी विष्णु-

ना सह आवह ॥ आयाहि वरदेदेवि त्र्यक्षरे विष्णुवादिनी ॥ सरस्वतिछंदसां मात विष्णुयोनि नमोस्तुते ॥

आचमन—નીચે પ્રમાણે:—

अग्नि श्चेति नारायण ऋषिः ॥ प्रकृतिछंदः ॥ अग्नि-र्देवता ॥ आचमने विनियोगः ॥ ॐ अग्निश्च, मामन्युश्च, मन्युपतयश्च, मन्युकृतेभ्यः, पापेभ्यो, रक्षंतां, यदन्हा पाप मकार्षं मनसा वाचा हस्ताभ्यां पद्भ्या मुदरेण ॥ शिश्ना अहस्तदवलुंपतु यत् किंचिद् दुरित मयि इदमहं मा ममृतयोनौ सत्ये ज्योतिषि जुहोमि स्वाहा ॥ એ મંત્રો બોલી એક આચમન લેવું અને પછી બોલ્યા વિના બે લેવાં. **सूर्योपस्थान** ॥ બેઠાં બેઠાં હાથ જોડીને ભણવું. ગાયત્રી જપમાં **विष्णुवात्मा** અને વિસર્જનમાં **विष्णुना** એટલોજ ફેર. સિવાય માર્જન, પ્રાણાયામ, અર્ઘ્યદાન વગેરે બધું પ્રાતઃસંધ્યા પ્રમાણેજ.

બ્રાહ્મણ ભોજનનો સંકલ્પ.

બ્રાહ્મણના મસ્તકપર તુળસીપત્ર કે પુષ્પ મૂકીને તેના હાથમાં જળ આપતાં ભણવું કે—**ब्रह्मणे पुष्पं समर्पयामि ॥ ब्राह्मण-स्यार्चनविधेः परिपूर्णतास्तु ॥** પછી **आचमनं ॥ प्राणायामः ॥** શુભકાર્ય નિમિત્તનું ભોજન હોય તો હાથમાં જળ લઈને **अत्राद्य** એ સંકલ્પ ભણી જઈને **इदं ब्राह्मण भोजन ब्रह्मार्पण मस्तु ॥** એ ભણીને જળ મૂકવું. પછી હાથ જોડીને **ॐ ब्रह्मार्पणं ब्रह्म ह-विर्ब्रह्माग्नौ ब्रह्मणा हुतं॥ ब्रह्मैव तेन गंतव्यं ब्रह्मकर्म स-**

माचिना ॥ ॐ तत्सत् ब्रह्मार्पण मस्तु ॥ એમ ભણીને પછે લુગતું. જો કોઈ પ્રકારના શ્રાદ્ધ નિમિત્તે ભોજન હોય તો તેનો સંકલ્પ આ પ્રમાણેઃ—**आचमनं॥ प्राणायामः** કરીને પછી **अपसव्य** કરી ડાબો ઢીંચણ ઉંધો વાળી હાથમાં જળ લઈ નીચે પ્રમાણે ભણવુંઃ—

ॐ मधुवाता ऋतायते । मधुक्षरंति सिंधवः माध्वीर्नः सन्त्वोषधिः । मधुनक्त मुतोषसो ॥ मधुमत्पार्थिवं रजः । मधु द्यौ रस्तुनः पिता । मधुमांनो वनस्पति र्मधुमां अस्तु सूर्यः । माध्वीर्गावो भवंतु नः । ॐ मधु मधु मधु । तत्सज्जुषध्वं । यस्योद्दिष्टं तस्योपतिष्ठितं यथा सौख्य ममृतं भुंजयध्वं अधुना अद्यकृत संकल्पसिद्धि रस्तु ॥ એમ ભણીને જળ હેઠું મૂકવું પછી સવ્ય કરીને તથા ઢીંચણ સવળા કરીને હાથ જોડી ઉપર લખ્યો તે **ॐ ब्रह्मार्पणं** એ મંત્ર ભણી જવો.

સમાપ્ત.

શ્રીમાળીઓને સૂચના.

सामान्य शास्त्रतो नूनं विशेषो बलवान्भवेत् ॥

સામાન્ય શાસ્ત્ર કરતાં વિશેષ જ્ઞાતિઆચાર કે કુળાચારનું પ્રબળ વિશેષ હોય છે. આવા જ્ઞાતિના આચાર શ્રુતિ સ્મૃતિથી વિરૂદ્ધ હોય તોપણ લોકો તે ઉપર વિશેષ વજન રાખેછે. તે પ્રમાણે શ્રીમાળીઓ પોતાનો કુળાચાર શ્રીમાળ પુરાણ પ્રમાણે પાળે છે. અષ્ટમંગળ નોમિયાં વગેરેની ક્રિયા આપણે શ્રીમાળ પુરાણને અનુસરી કરીએ છીએ.

'મહાલક્ષ્મી' બાબત પણ શ્રીમાળ પુરાણને અનુસરી આપણે માનવાનું છે. ચંડીપાઠમાં મહાલક્ષ્મીનું જે વર્ણન આવે છે એથી શ્રીમાળપુરાણમાં જૂદુંજ વર્ણન છે. ચંડીપાઠની મહાલક્ષ્મીને માથે કોઈ ધણી નથી તથા તેની પૂજા લોહી માંસ તથા મદિરા વડે કરવા લખેલું છે. શ્રીમાળ પુરાણમા લખ્યું છે કે મહાલક્ષ્મી શ્રીમાળીનાં કુળદેવી છે, પરણેલાં છે, અને વિષ્ણુની અર્ધાંગના થઈ સદા તેમની જોડેજ રહેછે. જો આપણો બીજો જ્ઞાતિઆચાર આપણી જ્ઞાતિનાં પુરાણને અનુસરીનેજ પાળવાની જરૂર છે તો કુળદેવી મહાલક્ષ્મીની બાબતમાં પણ તેજ પુરાણને અનુસરી વર્તવું જોઇએ, તથા મહાલક્ષ્મીની પ્રતિષ્ઠા શ્રીમાળ પુરાણને આધારે થવી જોઇએ, એટલે તેમાં લખ્યાં ચિન્હો ધારણ કરાવી વિષ્ણુની સાથેજ તેમની સ્થાપના થવી જોઇએ; એમ ન થાય તો પરણેલી સતીનો પતિથી વિયોગ કરાવવા જેટલું પાપ લાગે, એમ મારૂં માનવું છે.

આપણી જ્ઞાતિની ઉત્પત્તિનો તથા કુળાચારનો ગ્રંથ શ્રીમાળ પુરાણ છે, તે દરેક શ્રીમાળીએ સંપૂર્ણ રીતે જાણવો જોઇએ. તેના ૫૦) અધ્યાય શ્રીમાળી શુભેચ્છક ચોપાનીઆમાં છપાયા છે. જ્ઞાતિના ગૃહસ્થો તરફથી એ ચોપાનીઆને ઉત્તેજન નહિ મળવાથી ચોપાનીઉં બંધ થયું છે તેથી ૨૯) અધ્યાય છાપવા બાકી રહ્યા છે. પુષ્કરણા બ્રાહ્મણોની ઉત્પત્તિ પણ શ્રીમાળ પુરાણમાં છે. માટે જો આ બે જ્ઞાતિના સારા સારા ગૃહસ્થો બબે ત્રણ ત્રણ રૂપિઆનું ખર્ચ કરે અને એવાં પાંચસો ગ્રાહક થાય તો તે આખા ગ્રંથનું ભાષાન્તર જુદું છપાવી પ્રસિદ્ધ કરવામાં આવે.

કવિ દલપતરામ ડાહ્યાભાઈ.

ओ३म्

सत्यशोधक मंडली.

શારીર ઉન્નતિ, આત્મોન્નતિ અને દેશોન્નતિને પોતાનો મુખ્ય આશય માનીને આ મંડળી ઉપયોગી વાંચનની વૃદ્ધિ કરવા ઉત્કંઠા ધરાવે છે. આ મંડળી તરફથી હાલમાં છપાએલાં તથા છપાય છે એવાં પુસ્તકોની યાદી નીચે આપી છે. આ પુસ્તકો રોકડી કિમ્મતે મંડળીના વ્યવસ્થાપકને અમદાવાદમાં રિચિરોડપર લખવાથી મળી શકશે.

	રૂ.આ.પૈ.
યુવાવસ્થાનો શિક્ષક અથવા જુવાન માણસોને સદુપદેશ...	૧—૦—૦
આરોગ્ય રહેવાના ઉપાય	૦—૨—૦
ગોરક્ષા પ્રબોધ...	૦—૨—૦
સ્વધર્માભિમાન	૧—૦—૦
પાંડવાશ્વમેધ	૨—૦—૦
સંગીત સુધાકર.	૧—૦—૦
શ્રવણાખ્યાન (કવીશ્વર દલપતરામનું રચેલું વ્રજભાષામાં)...	૧—૦—૦
હિંદની હાલત	૦—૧—૦
સામવેદીનું સંક્ષિપ્ત નિત્યકર્મ	૦—૨—૦
કન્યાવિક્રય નિષેધ દર્શક.	૦—૨—૦
અનાર્ય સ્ત્રી.	૦—૧—૦
ગોરક્ષા શતક	૦—૦—૬

गुजरात आर्य औषधशाला.

જામનગરના સુપ્રસિદ્ધ વૈદ્યરાજ ઝંડુભટ્ટજીની તરફથી આ અમદાવાદ શહેરમાં નવી સડક ઉપર એક દવાશાળા ખોલવામાં આવી છે. અમૃત સરખી નિર્ભય તથા શાસ્ત્રાનુસાર દવાઓનો અનુભવ કરવાની ઇચ્છા રાખનારાઓ તેમજ રોગથી પીડાતાં દરદીઓ આ દવાશાળાનો લાભ લેશે એમ આશા રાખવામાં આવેછે.